# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી – ૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## :: પરિપત્ર ::

નવસારી કૃષિ યુનિવર્સિટીના યુનિટ/સબ યુનિટના તાબા હેઠળ ફરજ બજાવતા અધિકારીશ્રી/ કર્મચારીઓ યુનિવર્સિટીના કામકાજ અર્થે પ્રવાસમાં જવાનું થતુ હોય છે અને તે અન્વયેની મંજુરી પ્રવાસમાંથી આવ્યા બાદ " **NAU online Tour Software Account"** માં અત્રેની કચેરીએ રજૂ કરવામાં આવે છે. તેવુ સક્ષમ અધિકારીશ્રીના ધ્યાન ઉપર આવેલ છે. જે વહીવટી દ્રષ્ટીએ બિલકુલ યોગ્ય નથી.

આથી તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, આપના તાબા હેઠળના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ યુનિવર્સિટીના કામકાજ અર્થે કે સેમીનાર, સીમ્પોઝીયમ, વર્કશોપ, ટ્રેનીંગ કે અન્ય યુનિવર્સિટીને લગતી પ્રવૃત્તિઓમાં જયારે પણ રાજય અંદર /રાજય બહાર પ્રવાસમાં જવાનું થાય ત્યારે અગાઉથી કચેરીના વડાની ભલામણથી જરૂરી આધાર પુરાવા સાથે અત્રેની કચેરીએ સમયસર " **NAU online Tour Software Account"**માં કરવા આથી આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.અન્યથા પ્રવાસ પુર્ણ થયા બાદ રજુ કરવામાં આવતી ટુર મંજુર કરવામાં આવશે નહીં.

વધુમાં જણાવવાનું કે, **Revised Common Statutes for Agricultural University of Gujarat-Delegation of Power Rules 2011 –Statute No.S.121** મુજબ જો કોઈ અધિકારીશ્રીએ કચેરીના કામકાજ માટે હવાઈ યાત્રા કરવાની થતી હોય તો સદર મંજુરી આપવાની સત્તા **ડેલીગેશન ઓફ પાવર્સ સ્ટેચ્યુટ એસ.૧૨૧ આઈટમ નં.૩૫ હેઠળ માન.કુલપતિશ્રીને એનાયત થયેલ છે.**

વધુમાં જે અધિકારીશ્રીઓ હવાઈ યાત્રા માટે પાત્રતા ધરાવતા હોય તેવા અધિકારીશ્રીઓ હવાઈ મુસાફરી કરવા માટે સૌ પ્રથમ તેમની કચેરીના વડાશ્રીના સ્પષ્ટ અભિપ્રાય સાથે કચેરીના વડા મારફત લેખિતમાં નોંધ સ્વરૂપે માન.કુલપતિશ્રીની મંજુરી લેવાની રહેશે. ત્યાર બાદ આ મંજુરીની નકલ સાથે ઓનલાઈન ટુર સીસ્ટમમાં જરૂરી તમામ વિગતો ભરી ડોકયુમેન્ટ સામેલ રાખી સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવવા માટે એપ્લાય કરવાનું રહેશે. ઓનલાઈન ટુરની મંજુરી મળ્યા બાદ જ હવાઈ યાત્રા કરવાની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની અનુમતિથી જારી કરવામાં આવે છે અને તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં.નકૃયુ/રજી/પીએસઆર/૮૫૮૭-૬૩૬/૨૦૨૪
નવસારી, તા. ૨૫/૦૯/૨૦૨૪
જા/૨૦/

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:**

૧. માન.કુલપતિશ્રી રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારું

૨. યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું